# મોડાસા તાલુકાના પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચતર પગાર અપાવવા થતો ભ્રષ્ટાચાર અટકાવવા રજુઆત

મોડાસા, તા.૯

મોડાસા તાલુકા પંચાયત શિક્ષણ શાખામાં થતા ભ્રષ્ટાચારે માઝા મુકી છે. શિક્ષણના અધિકારીઓ સાથે નજીકના સંબંધો કેળવીને અધિકારીઓ સાથેની મિલીભગતથી શિક્ષક અને અધકારીઓ વચ્ચેના રીતસરના દલાલો બની બેઠેલા અમુક પ્રાથમિક શિક્ષકો પોતાની શાળાના બાળકોને શિક્ષણ આપવાનું પડતું મુકીને તાલુકા પંચાયતમાં જ અડીંગો જમાવીને બેસી રહીને શિક્ષકોના હીતની મોટી મોટી ગુલબાંગો ફુંકીને પોતાના જ શિક્ષકોને લુંટવાનો ધંધો શરુ કરી દીધો હોવાની ચર્ચાએ અરવલ્લી પ્રાથમિક શિક્ષકમાં જોર જમાવ્યુ છે. મોડાસા તાલુકાના પ્રાથમિક શિક્ષકોના ૯, ૨૦ અને ૩૧ વર્ષના ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા બાબતે કહેવાતા શિક્ષણ વિભાગના દલાલો દ્વારા ભૂતકાળમાં શિક્ષક દીઠ ૨૫૦૦થી ૩૦૦૦ રૂપિયાના થયેલા ઉઘરાણાથી શિક્ષકોમાં રોષ જોવા મળ્યો હતો. મોડાસા તાલુકાની હનુમાન મોરી પ્રાથમિક શાળાના શિક્ષક આશિષકુમાર અનિલભાઈ પટેલે મોડાસા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિતમાં રજુઆત કરીને શિક્ષકો પાસેથી ઉઘરાણું કરતા અને ભ્રષ્ટાચાર આચરતા આવા લે ભાગુ તત્વોને દૂર રાખીને શિક્ષણ શાખાના કર્મીઓ દ્વારા જ આ અંગેની કાર્યવાહી હાથ ધરી શિક્ષકોનું હિત જળવાય તે જોવા અનુરોધ કર્યો છે.

## બાયડના બીબીપુરા નજીક આવેલ પેટ્રોલ પંપ પર પાર્ક કરેલ

# ટ્રકમાંથી ૨૦ મીનીટમાં ૨૦ લાખના કોપરની ચોરીથી સનસનાટી

(સમીર બલોચ) મોડાસા, તા.૯

અરવલ્લી જિલ્લા માં જાણે ગુનેગારો ને પોલીસ નો કોઈ ડર જ ના રહયો હોય તેમ દિવસે ને દિવસે અરવલ્લી જિલ્લ માં ગુનાખોરી ના પ્રમાણ માં સતત વધારો થતો રહયો છે ત્યારે ગઈકાલે રાત્રે બાયડ તાલુકા ના બીબીપુરા નજીક આવેલ પેટ્રોલ પંપ ઉપર રાત્રીના સમયે પાર્ક રેલ ટ્રક માં થી ૨૦ મીનીટ માં જ ૨૦લાખ રૂપીયાના કોપર ની ચોરી થતાં સનસનાટી મચી ગઈ હતી.

ગઈકાલે રાત્રી ના સુમારે બાયડ તાલુકા ના બીબપુરા ગામે પેટ્રોલ પંપ ઉપર વાપી થી કોપર અને ડાબર કંપની ના પાર્સલ ભરી ને ટ્રક દિલ્હી જવા રવાના થઈ હતી ત્યારે આ ટ્રક ડ્રાઈવર ધ્વારા રાત્રે આરામ કરવા માટે બાયડ ના બાબીપુરા નજીક આવેલ પેટ્રોલ પંપ ઉપર ટ્રક પાર્ક કરી ને સુઈ ગય હતા ત્યારે તે દરમ્યાન કોઈ અજાણ્યા ચોરો એ આવી ને બાજુ માં ટ્રક પાર્ક કરી ને ૨૦ જ મીનીટ માં ૨૦ લાખ રૂપીયાના કોપર ના બંડલ અને એક લાખ રૂપીયા ના ડાબર કંપની ના કાર્ટન મળી કુલ ૨૦૦ નંગ ઉપર ના કાર્ટુન ની ચોરી કરી ને સનસનાટી મચાવી હતી ત્યારે આ અંગે ડ્રાઈવર અને કલીનર સવારે ઉઠી ને જોતા ત્રાડ પત્રી ફાટેલી હતી અને અંદર થી કાર્ટુન ચોરઈ જતાં હતપ્રત થઈ ગયા હતા અને જે અંગે તેમણે બાયડ પોલીસ સ્ટેશને પહોચીને આ અંગે ચોરી ની ફરીયાદ નોધાવી હતી ત્યારે આ અંગે બાયડ પી.એસ.આઈ ધ્વારા ચોરી ની ફરીયાદ નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.



છેલ્લા કેટલાય સમયથી પાલનપુરમાં વાહનોની ચોરીઓ વધુ પ્રમાણમાં થવા પામી હતી. આજે પાલનપુર એલ.સી.બી. દ્વારા ટુ - વ્હીલરોની ચોરી કરતી લબરમુછીયા ટોળકીને ઝડપી પાડી હતી. (હરેશ જોષી, પાલનપુર)

# અરવલ્લી જીલ્લામાં વધુ એક સ્વાઈન ફલુના કેસથી ફફળાટ

## બાયડ તાલુકાના મોટા વાસણા ગામે ૫ વર્ષના બાળકને સ્વાઈન ફલુ : જિલ્લામાં સ્વાઈન ફલુનો આંક ૩ પહોચ્યો : એક મહિલાનુ મોત

(સમીર બલોચ) મોડાસા, તા.૯

સમગ્ર ગુજરાત રાજય માં હાલ સ્વાઈનફલુ નામના ધયાનક રોગે હાકાકર મચાવ્યો છે અત્યાર સુધી આ ભયાનક રોગ ના કારણે ગુજરાત રાજય માં કુલ મૃત્યુ આંક ૮૦ ને પાર થઈ ગયો છે ત્યારે આ રોગ ને લઈ ને હાલ સમગ્ર ગુજરાત રાજય મા લોક માં ફફડાટ વ્યાપ્યો છે.

ત્યારે અરવલ્લી જીલ્લો પણ સ્વાઈન ફલુ ના ભરડામાં આવી ગયો છે ત્યારે હાલ અરવલ્લી જિલ્લા માં અત્યાર સુધી મોડાસા અને ધનસુરા અતાલંકા માંથઈ કુલો બે કેસ નોધાય હતા જેમાં થી એક મહિલાનુ મોત નીપઝયુ હતુ જયારે આજે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકા માં આવેલ મોટા વાસણા ગામે રહેતા પાંચ વર્ષ ના બાળક પ્રજ્ઞાનભાઈ ઉમેશભાઈ પટેલ નામના બાળક ને ને સ્વાઈનફલુ નો રીપોર્ટ પોઝટીવ આવતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે જયારે આ પાંચ વર્ષીય બાળક ને સ્વાઈન ફલુ થતાં અરવલ્લી જિલ્લા ના આરોગ્ય તંત્ર માં દોડધામ મચી ગઈ હતી ત્યારે આ અંગે અરવલ્લી જીલ્લા આરોગ્ય અધિકારી ડો ફેન્સી નો સર્પક કરતાં તેમણે જણાવ્યુ હતુ કે આ બાળક થોડાક દિવસ પહેલા તેના સગાવ્હાલા ને ત્યાં મેરઝ માં ગયો હતો અને ત્યારબાદ આ બાળક આ રોગ ના સકંજામાં આવ્યો હતો ત્યારે તેના પરીવાર ના ચાર સભ્યો ને ટેમીફલુની રસી આપી દેવામાં આવી છુ અને સમગ્ર ગામ માં આરોગ્ય પરીક્ષણ કરવામાં આવી રહયુ છે.

# ડીસામાં ઝેરડા ગામ પાસે ત્રિપલ અકસ્માત : ૭ ઘાયલ

ડીસા, તા. ૯

બનાસકાંઠા માં અકસ્માતો ની વણથંભી વણઝાર ચાલુજ છે ત્યારે આજે પણ ડીસા તાલુકા ના ઝેરડા અને કંસારી ગામ વચ્ચે બે સ્વીફ્ટ ગાડી અને એક માર્શલ ગાડી વચ્ચે ધડાકાભેર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો આ ત્રિપલ અકસ્માત માં સાત થી વધુ લોકો ને ગંભીર ઈજા થવા પામી હતી.

આ અંગે ની જાણવા મળતી માહિતી અનુસાર ડીસા તાલુકા ના ઝેરડા અને કંસારી ગામ વચ્ચે બે સ્વીફ્ટ ગાડી અને એક માર્શલ ગાડી વચ્ચે ધડાકાભેર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો આ ત્રિપલ અકસ્માત માં સાત થી વધુ લોકો ને ગંભીર ઈજા થવા પામી હતી અકસ્માત સર્જાતા ઘટના સ્થળે લોકો ના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા અને હાઈવે પર ટ્રાફિક જામ થઈ જવા પામ્યું હતું જયારે આજુ બાજુ લોકો એ દોડી આવી રાહત અને મદદ પહોચાડી હતી, અને અકસ્માત માં ઈજા પામનાર ઘાયલ લોકો ને વાહન માંથી બહાર કાઢી તેમને સારવાર અર્થે ડીસા તેમજ પાલનપુર સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, આ મળે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ડીસામાં ત્રણ મોટર સાયકલ આગને હવાલે

ડીસા, તા. ૯

વહેપારી મથક ડીસા માં આજે મળસ્કે બનેલી એક વિચિત્ર ધટના માં ત્રણ મોટર સાયકલ ને કોઈ અજાણ્યા શખ્સે પેટ્રોલ છાંટી સળગાવી દેવાની ધટના -કાશ માં આવેલી છે. ડીસાની શ્રીજી કોમ્લેક્ષ પાર્કિંગ ની આ ધટના ની ડીસા પોલીસે હાલ તો તપાસ હાથ ધરી છે.

થરાદ ખાતે કામ કરતા અને ડીસા માં રહેતા રતાની કિશનભાઈ દિનેશભાઈ અને અશોકભાઈ ઠક્કર પોતાના મોટર સાયકલ હાઈવે સ્તીઠ શ્રીજી શોપિંગ સેન્ટરમાં પાર્કિંગ મુકતા હતા અને પરત આવી પોતાના ઘેર લઈ જતા હતા, જોકે આજે મળસ્કે કોઈ અજાણ્યા શખ્સે પાર્કિંગ માં પડેલા આ બન્ને ઈસમો ના મોટર સંકલ અને એક અન્ય સ્કુટી જેવા વાહનને જવલનશીલ પદાર્થ રેડી આગ ચાંપી હતી, વહેલી સવારે બનેલી આ ધટના ની જાણ આજુ બાજુ ના લોકો ને થતા તેમને ડીસા ફાયર ફાયટર ને બોલાવી આ આગ બુજાવી હતી, જોકે આગ લગાડનાર વિકૃત માનો વૃતિ ધરાવતો ઈસમ આગ લગાવી ભાગી છૂટવામાં સફળ થયો હતો, આ મામલે પીડિત મોટર સાયકલ માલિકે ડીસા ઉત્તર પોલીસ માં પોતાની ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વડાગામ રાજપુર કંપાના આધેડ સ્વાઈન ફલુની લપેટમાં

## અરવલ્લી જિલ્લામાં બીજો પોઝીટીવ કેસ મળતાં તંત્ર કામે લાગ્યું

વડાગામ, તા.૯

ગુજરાત રાજયમાં સ્વાઈન ફલુએ હાહાકાર મચાવી દીધો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુના ભરડાથી દુર હતુ પરંતુ છેલ્લા અઠવાડિયામાં સ્વાઈન ફલુ પોઝીટીવના બે કેસ મળી આવતાં સમગ્ર અરવલ્લી જિલ્લના પ્રજાજનોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. જેમાં રાજપુરકંપાના એક વ્યકિતને સ્વાઈન ફલુ હોવાનું જાણવા મળતા રાજપુર કંપામાં આરોગ્ય વિભાગની ટીમો કામે લાગી ગઈ છે.

ધનસુરા તાલુકાના વડાગામ નજીક આવેલા રાજપુર કંપાના ૫૫ વર્ષના આધેડને શરદી, ખાંસી, તાવ અને શ્વાસ લેવામાં તકલીફ જણાતા અને શંકાસ્પદ સ્વાઈન ફલુ જેવા લક્ષણો દેખાતાં તેમના સંબંધીઓએ સારવાર માટે મોડાસા શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

જયાં તેમની સારવાર કરવા છતાં હાલતમાં સુધારો ન જણાતા વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. જયાં શંકાસ્પદ સ્વાઈન ફલુના લક્ષણો દેખાતા ત્યાંના તબીબોએ સ્વાઈન ફલુનો રીપોર્ટ કરાવતા લેબોરેટરીમાં સ્વાઈન ફલુનો રીપોર્ટ પોઝીટીવ હોવાનું બહાર આવતા સમગ્ર પંથકમાં સ્વાઈન ફલુનો ભય ફેલાઈ ગયો છે. રાજપુરકંપામાં સ્વાઈન ફલુનો દર્દી મળી આવતાં અરવલ્લી આરોગ્ય શાખાએ આધેડના પરિવારજનોની સલામતી ધ્યાનમાં રાખી ટેમીફલુ દવાનો ડોઝ આપી દેવામાં આવ્યો છે અને રાજપુરકંપા અને આજુબાજુના વિસ્તારમાં તાવ, શરદી, ગળામાં ઈન્ફેકશન જેવા લક્ષણો ધરાવતા દર્દીઓનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

# હિંમતનગરમાં પોલીસ ભરતી દરમિયાન દોડ કરતા પાંચ ઉમેદવારો ફસડાયા

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જીલ્લાના હિમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલ પોલીસ ભરતીની દોડમાં સોમવારે ૫ ઉમેદવારો ફસડાઈ પડ્યા હતા. બે જણાને લોહી અને બે બેહોશ અને એકને પગમાં મચકોડ આવી ગઈ હતી તમામને સિવિલમાં સારવાર માટે ખસેડાયા હતા.

હિમતનગરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે છેલ્લા એક મહિનાથી ભરતી ચાલી રહી છે. ત્યારે ૮૦૦ મીટરની દોડનો રાઉન્ડ પૂર્ણ થયા બાદ આજથી ૫૦૦૦ હજાર મીટરની આજથી શરુ થયેલ. જેમાં ફાળવેલા ૧૫૦૦ ઉમેદવારો પૈકી ૧૪૫૬ ઉમેદવારો આવ્યા હતા જેપૈકી ૧૧૪૬ જણા પાસ થયા હતા. જે કોન્સ્ટેબલની ભરતીમાં દોડ દરમિયાન પાચ ઉમેદવારો ફસડાઈ ગયા હતા. જેમાં બે જણાને લોહીની ઉલટી, બે જણા બેહોશ અને એકને પગ મચકોડાઈ ગયો હતો તમામને તાત્કાલિક સારવાર માટે હિમતનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર હેઠળ છે તો બીજી તરફ ભરતીના ઈન્ચાર્જ ગીરીશ પંડ્યા જણાવેલ કે ત્રણ ઉમેદવારો જ ફસડાઈ ગયા છે. જેમાં પગ મચકોડાયેલ ઉમેદવાર રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના ભાદાજાડીયાના આશિષ સુરેશભાઈ પાઘડાર પાસ થઈ ગયો પણ જણાવેલ હતું. ભરતી આવેલા અને ફસડાયેલા અક્ષયસિંહ, આશિષ, અનીલ અને અલ્પેશ ઉમેદવારોનું હતું કે સમયસર દોડની -ક્રિયા ચાલુ નથી થતી અને તાપ અને ગ્રાઉન્ડમાં કાંકરીઓ છે જેને કારણે દોડવામાં તકલીફ વધુ પડે છે.

# મોડાસાના વોલ્વા પાસેથી કતલખાને લઈ જવાતા ૮૭ પશુઓ ઝડપાયા

મોડાસા, તા.૯

અરવલ્લી જિલ્લાના વોલ્વા ગામ પાસે મોડાસા રૂરલ પોલિસને મળેલી બાતમીના આધારે વોચ ગોઠવી પશુઓને કતલખાને લઈ જતા ૨ ટ્રકો ઝડપી ૮૭ જેટલા પશુઓને બચાવી ઈડરના પાંજરાપોળમાં મોકલી આપવામાં આવ્યા હતા ઘટના સ્થળેથી ૧ કસાઈને ઝડપી પાડવામાં આવ્યો



(તસવીર : જય અમીન, મોડાસા)

હતો જયારે ૪ કસાઈઓ ફરાર થઈ ગયા હતા. મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનની કામગીરીથી મોડાસાના કસાઈઓમાં ભય સાથે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

મોડાસા રૂરલ પોલિસ સ્ટેશન અને એલસીબી સ્ટાફ બાતમીના આધારે આજે મોડાસા મેઘરજ રોડ પર વાહન ચેકિંગમાં હતા ત્યારે રાજસ્થાનથી ગેરકાયદેસર કતલખાને લઈ જતા ૮૭ જેટલા પશુઓને બે ટ્રકમાં (૧) ટ્રક નં. જીજે.૯ ઝેડ ૫૦૬૫ અને (૨) ટ્રક નં. જીજે-૯ ઝેડ ૫૦૫૬ માંથી ક્રુરતાપૂર્વક ઘાસચારા કે પાણીની વ્યવસ્થા કર્યા વગર પશુઓને અત્યંત દયનીય રીતે ટુંકા દોરડાઓથી બાંધી તેમજ હલનચલન કરી ન શકે તેવી રીતે પશુઓના પગો બાંધી ખીચોખીચ મરણતોલ હાલતમાં બાંધી કતલખાને ગેરકાયદેસર લઈ જતા ઝડપાઈ ગયા હતા. જેમાં ભેંસો કુલ ૫૪ અને પાડા પાડી કુલ ૩૩ તેમજ બે ટ્રકો જપ્ત કરી બધા જ મુદ્દામાલ કિં. રૂ ૩૨૪૭૪૦૦ની કિંમતનો મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

ગેરકાયદેસર ૮૭ પશુઓને કતલખાને જઈ રહેલા ૫ કસાઈઓ પૈકી ૧ ઝડપી પાડવામાં સફળતા મળી હતી. જયારે ૪ કસાઈઓ પોલિસને થાપ આપી ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. આ ૫ કસાઈઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરાર ૪ કસાઈઓને ઝડપી લેવા મોડાસા રૂરલ પોલિસ સ્ટેશનના પી.એસ.આઈ. જે.આર. ઝાલાએ ચક્રો ગતિમાન કર્યા છે.

# માલપુર તાલુકાના કાસાવાડાની સગર્ભા મહિલાનુ મોત

મોડાસા, તા. ૯

સમગ્ર દેશમાં સ્વાઈન ફલુના દર્દીઓ મળી આવ્યા છે. જેમાં ગુજરાત રાજ્યમાં સૌથી વધારે સ્વાઈન ફલુથી લોકો મોતના મુખમાં ધકેલાઈ રહેવાનો અહેવાલ છે. ચાલુ સાલે સ્વાઈન ફલુએ ગુજરાત રાજ્યમાં હાહાકાર મચી ગયો છે. ગુજરાત રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ પણ સ્વાઈન ફલુ સામે હાર સ્વીકારી લીધી હોય તેમ સ્વાઈનફલુ નામની મહામારી બિમારીને નાથવામાં અસફળ હોય તેવુ લાગી રહ્યું છે. અને દિવસે દિવસે સ્વાઈન ફલુમાં સપડતા માનવ સંખ્યામાં વધારો થતો જોવા મળી રહ્યો છે. અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુથી એકનું મોત થવા પામ્યુ છે.

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના કાસાવાડા ગામની સગર્ભા મહિલાને સ્વાઈન ફલુ થયો હતો અને અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુનો પ્રથમ કેસ મળી આવ્યો હતો. કાસાવાડ ગામની સગર્ભા મહિલાને સ્વાઈન ફલુ રોગના લક્ષણો જણાતા તાત્કાલિક વધુ સારવાર અર્થે મહિલાને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર દરમિયાન મહિલાનુ રવિવારે અમદાવાદની હોસ્પિટલમાં મોત નિપજયું હતું. આમ અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુ ગ્રસ્ત સગર્ભા મહિલાનુ મોત નિપજતાં માલપુર તાલુકા અને અરવલ્લી જિલ્લાના પ્રજાજનો ભયભીત બની ગયા છે. અરવલ્લી જિલ્લાના આરોગ્ય વિભાગ એ સ્વાઈન ફલુનો રીપોર્ટ પોઝીટીવ આવવાની સાથે ગામમાં સઘન ચેકિંગ હાથ ધરી સર્વેની તપાસ હાથ ધરી છએ. તેમજ મૃતક મહિલાના પરિવારના પાંચ સભ્યોને ટેમીફલુ નામની દવાનો ડોજ પણ આપી દીધો છે. અત્યારે હાલ અરવલ્લી જિલ્લા આરોગ્યતંત્ર વિભાગ કાસાવાડા ગામના તમામ લોકોની તપાસ હાથ ધરી છે. અત્યાર સુધી કાસાવાડા ગામમાં કોઈપણ વ્યક્તિને સ્વાઈનફલુના લક્ષણો ન જણાતા આરોગ્ય વિભાગે રાહતનો શ્વાસ લીધો છે.

# 'હિન્દુત્વ'ની રક્ષા રાજકારણી નહિ કરે જાતે કરો : પ.પૂ. વિજય અભેસુરીશ્વર મહારાજ

ડીસા, તા. ૯

આજે ડીસા ખાતે વિશ્વ હિંદુ પરિષદની ૫૦મી સુવર્ણજયંતિનાં ઉજવણી -સંગે વિરાટ હિંદુ સંમેલન મળ્યું હતું. આ સંમેલનમાં જેન ધર્મનાં પ.પુ. ગછાધીપતી આચાર્ય ભગવંત શ્રી વિજય અભેસુરીસ્વર મહારાજ દ્વારા વિશ્વ હિંદુ પરિષદના -વીણભાઈ તોગડીયાને સુવર્ણ લિખિત હિંદુ ધર્મ ગ્રન્થ ગીતા ભેટ સ્વરૂપે અપાઈ હતી. આ પરિષદમાં હાજર સંતો, મહંતો અને ભગવંતોએ એક મંચ પરથી અખંડ ભારતમાં હિંદુ એકતા, સુરક્ષા, સમૃદ્ધિ પર ભાર મુક્યો હતો.

બનાસકાંઠાના ડીસાનાં વર્ધમાન જેન વિદ્યા વિહાર ખાતે આજે એક હિંદુ સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં હિંદુ સમ્રાટ એવા વિશ્વ હિંદુ પરિષદનાં આંતરરાષ્ટ્રીય કાર્યકારી -મુખ -વીણભાઈ તોગડીયા, વડતાલ સ્વામીનારાયણનાં નોતમ સ્વામી, અમરદાસજી મહારાજ, સત્યપાલ કાન્તિલાલ, સહીતનાં સંતો , સાધુગણ હાજર રહ્યા હતા. જેમાં જેન ધર્મનાં પ.પુ. ગછાધીપતી આચાર્ય ભગવંત શ્રી વિજય અભેસુરીસ્વર મહારાજ દ્વારા વિશ્વહિન્દુ પરિષદનાં કાર્યકરોને હિંદુ રાષ્ટ્ર સુરક્ષાનાં સેનિક તરીકે બિરદાવાયા હતા અને વિશ્વ હિંદુ પરિષદની ૫૦મી સુવર્ન જયંતિ અનંતકાળ સુધી યાદ રહે તે માટે અને વિશ્વ હિંદુ પરિષદનાં કાર્યોની કદર રૂપે સુવર્ણ અક્ષરોથી મઢિત ગીતા વિશ્વ હિંદુ પરિષદનાં આંતરરાષ્ટ્રીય કાર્યકારી -મુખ -વીણભાઈ તોગડીયાને અર્પણ કરાઈ હતી. ભગવંત શ્રી વિજય અભેસુરીસ્વર મહારાજ દ્વારા તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે વિશ્વનાં ૧૦૦ દેશોની વાત કરું તો ભારત



સિવાયનાં તમામ દેશો માત્ર એક જ નામ ધરાવે છે, જયારે આપનો દેશ ભારત - હિન્દુસ્થાન અને ઈન્ડીયા - આમ ત્રણ નામોથી ઓલખાય છે. જેમાં ઈંગ્લેન્ડ દ્વારા અપાયેલા ઈન્ડીયા નામને દુર કરાવવા કેન્દ્ર સરકારને જગાડવી પડશે, તેમને બિલાડીની રક્ષા કુતરાને ન સોપાય તે બોધકથાનું દ્રસ્તાંત આપી હિંદુ ધર્મ અને હિન્દુરાજયની રક્ષા રાજકારણી અને નેતાઓ નહિ કરે તેવી સ્પષ્ટતા કરી હતી, અને તે માટે આપને જાતે જ આપના ધર્મની રક્ષા માટે આગળ આવવું પડશે તેવું જણાવ્યું હતું.

જયારે આ -સંગે વી.એચ.પી.નાં અધ્યક્ષ -વીણભાઈ તોગડિયા એ ધર્માંતરણનો ભોગ માત્ર હિંદુ બન્યા છે. બે હજાર વર્ષનો ઈતિહાસ ગવાહ છે કે કાશી -મથુરા સહીતના મંદિરો અને કાશ્મીરી પંડિતો તેની ગવાહી છે તેવું જણાવી કહ્યું હતું કે વિશ્વમાં ૭૦૦ કરોડ હિંદુ હતા જે આજે ૧૦૦ કરોડ બન્યા છે, જે માત્ર ધર્માંતરણને આભારી છે તેમને આંકડાકીય માહિતીએ જણાવ્યું હતું કે વર્ષ ૧૯૪૭માં દેશમાં હિંદુ ૮૬ % હતા જે વર્ષ ૨૦૦૧માં ૮૨ % બન્યાં અને વર્ષ ૨૦૧૧માં હિંદુ ૭૯ % માં સીમિત બન્યો છે. આ ચિંતાજનક બાબત છે, અમેરિકન રાષ્ટ્ર-મુખ ઓબાનું નામ લીધા વિના તેમને આડકતરું નિશાન તાકી જનાવ્યું હતું કે અમને શિખામણની જરૂર નથી તે પાકિસ્તાનને આપો, તેવું જણાવી તેમને ઘર વાપસીને સમર્થન આપ્યું હતું અને હિન્દુઓં માટે વિશ્વ હિંદુ પરિષદ સુરક્ષા, સમૃદ્ધિ અને સન્માન માટે સતત -યત્નશીલ છે તેવું જણાવ્યું હતું.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧